## :: MYSY Scholarship ::

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં B.Sc., B. Com, B.A., B.C.A., B.B.A., જેવા ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમો માટે Fresh, Renewal અને Delayed માં ઓનલાઈન અરજી કરવાની **છેલ્લી તા.૩૧/૧૦/૨૦૨૫ (સાંજે ૬ વાગ્યા સુધી) છે અને હેલ્પ સેન્ટરમાં ડોક્યુમેન્ટ વેરિફિકેશન કરવાની છેલ્લી તા.૦૭/૧૧/૨૦૨૫ રહેશે.** ત્યારબાદ કોઈ પણ અરજી સ્વીકારવામાં આવશે નહિ, જેની દરેક વિદ્યાર્થીઓએ ખાસ નોંધ લેવી.

# સંપૂર્ણ માહિતી અને હેલ્પ સેન્ટરનું લીસ્ટ નીચે દર્શાવેલ છે

# મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY)

## Important Instructions 2025-26

## ❖ <u>વિદ્યાર્થીઓ માટે ખાસ સુચનાઓ:-</u>

### ❖ <u>ફ્રેશ વિદ્યાર્થીઓ માટે લાયકાતના ધોરણો</u>

1. ધોરણ-૧૦ની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ મેળવી નિયત ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ.
2. ડિપ્લોમા અભ્યાસક્રમની પરીક્ષામાં ૬૫ કે તેથી વધુ ટકા સાથે પાસ કરી ડીગ્રી(સ્નાતક) કક્ષાના અભ્યાસક્રમનાં પ્રથમ/બીજા વર્ષમાં પ્રવેશ મેળવનાર ડી-ટુ-ડીના વિદ્યાર્થીઓ.
3. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અથવા સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ મેળવી નિયત સ્નાતક અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ
4. MBBSમાં NEETના આધારે એડમિશન મેળવનાર વિદ્યાર્થીઓ
5. રૂ. ૬ લાખ સુધીની કૌટુંબિક વાર્ષિક આવક ધરાવનાર વાલીઓના સંતાનો.

### ❖ <u>રિન્યુઅલ વિદ્યાર્થીઓ માટે લાયકાતના ધોરણો</u>

1. ફ્રેશ વિદ્યાર્થી તરીકે લાભ મેળવ્યા બાદ રિન્યુઅલ સહાય મેળવવા માટે અગાઉ જે વર્ષે શિષ્યવૃત્તિ મળી હોય તે વર્ષમાં ઓછામાં ઓછા ૫૦% સાથે ઉત્તીર્ણ થવાનું રહેશે
2. જે તે શૈક્ષણિક સંસ્થાના નીતિ નિયમો પ્રમાણે જે તે શૈક્ષણિક વર્ષમાં **ઓછામાં ઓછી ૭૫% હાજરી** હોવી જરૂરી રહેશે. જે અંગે સંસ્થાનું પ્રમાણપત્ર આપવાનું રહેશે. (પ્રમાણપત્રનું ફોર્મેટ વેબસાઈટ પર ઉપલબ્ધ છે).
3. રૂ. ૬ લાખ સુધીની કૌટુંબિક વાર્ષિક આવક ધરાવનાર વાલીઓના સંતાનો.

### ❖ <u>ફ્રેશ અરજી કરતા વિદ્યાર્થીઓ માટે ખાસ સૂચનાઓ:-</u>

1. ધોરણ-૧૦ કે ૧૨ની પરીક્ષા પાસ કરી વર્ષ ૨૦૨૫-૨૬માં ડિપ્લોમા/સ્નાતક અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં કે ડિપ્લોમાની પરીક્ષા પાસ કરી વર્ષ ૨૦૨૫-૨૬માં ડિગ્રીના પ્રથમ/બીજા વર્ષમાં પ્રવેશ મેળવેલ હોય તેઓએ **ફ્રેશ વિદ્યાર્થી તરીકે** અરજી કરવાની રહેશે.

   જયારે ૨૦૨૪-૨૫ના વર્ષમાં કે તેના અગાઉના વર્ષોમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ સહાય મેળવેલ હોય અને ધારાધોરણો સંતોષતા હોય તો તેઓએ **વર્ષ ૨૦૨૫-૨૬માં રિન્યુઅલ વિદ્યાર્થી તરીકે** અરજી કરવાની રહેશે.
2. ગુજરાત રાજ્યની કેન્દ્રીયકૃત પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ કાર્યવાહી ચાલુ હોય અને તેમાં રીશફલીંગ કરવા માંગતા વિદ્યાર્થીઓએ તેઓનો <u>**પ્રવેશ કન્ફર્મ થાય અને તેઓ**</u>

# મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY)

## Important Instructions 2025-26

**રીશફલીંગમાં જવા ન માંગતા હોય ત્યારે જ** ઓનલાઈન અરજી કરવી. એડમીશનના રાઉન્ડ ચાલતા રહેશે ત્યાં સુધી છેલ્લા રાઉન્ડ પછીના ૧૫ દિવસ સુધી અરજી કરવાની તારીખ લંબાવવામાં આવશે જેની દરેક વિદ્યાર્થીઓએ નોંધ લેવી.

❖ **રિન્યુઅલ અરજી કરતા વિદ્યાર્થીઓ માટે ખાસ સુચનાઓ:-**

1. દરેક વિદ્યાર્થીએ છેલ્લી તારીખ પહેલા ઓનલાઈન અરજી કરીને હેલ્પ સેન્ટરમાં દસ્તાવેજોની ચકાસણી કરાવવી ફરજીયાત છે. જે વિદ્યાર્થીને
   a. યુનિવર્સીટી/કોલેજો દ્વારા પરીક્ષા મોડી લેવાના કારણે પરિણામ આવેલ ન હોય.
   b. યુનિવર્સીટી/કોલેજો દ્વારા પરીક્ષા ન લેવાયેલ હોય તો તેને કારણે પરિણામ આવેલ ન હોય
   c. પરીક્ષામાં કોઈ વિષયમાં ATKT આવતા રીટેસ્ટ પરીક્ષા આપવાની હોય અને યુનિવર્સીટી/કોલેજો દ્વારા પરીક્ષા ન લેવાયેલ હોય તો તેને કારણે પરિણામ આવેલ ન હોય
   d. પરીક્ષામાં કોઈ વિષયમાં ATKT આવતા રીટેસ્ટ પરીક્ષા આપેલ હોય અને પરિણામ આવેલ ન હોય
   e. અપેક્ષિત પરિણામ ન આવતા રીચેકિંગ કે રિએસેસમેન્ટ માટે અરજી કરેલ હોય અને તેનું પરિણામ આવેલ ન હોય
   f. અપેક્ષિત પરિણામ ન આવતા રીચેકિંગ કે રિએસેસમેન્ટ માટે અરજી કરતા પરિણામ સુધરેલ હોય પરંતુ યુનિવર્સીટી/કોલેજ પાસેથી પરિણામ ન મળેલ હોય.
   g. ઓનલાઈન પરિણામ મળેલ હોય પરંતુ તેની હાર્ડ કોપી મળેલ ન હોય
   h. કોઈ કારણોસર કોલેજ/યુનિવર્સીટીમાંથી સંસ્થાના વડા દ્વારા ફ્રેશ/રિન્યુઅલ અરજી કરવા અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવેલ ન હોય
   i. અન્ય કોઈ કારણ હોય

ઉપરના તમામ કિસ્સામાં જો અરજી કરવાની છેલ્લી તારીખને એક જ અઠવાડિયું બાકી રહેલ હોય અને વિદ્યાર્થી પાસે ઉપરના કારણોસર જરૂરી દસ્તાવેજ ન હોય તો આવા વિદ્યાર્થીઓએ ઉપરના ડોકયુમેન્ટને બદલે **એનેક્ષર-૯**માં આપેલ સેલ્ફ ડીકલેરેશન અપલોડ કરી છેલ્લી તારીખ પહેલા અચૂક અરજી કરવાની રહેશે. **છેલ્લી તારીખ બાદ વિદ્યાર્થીની કોઈ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ**. ઉપરના કિસ્સામાં જયારે યુનિવર્સીટી/કોલેજ પાસેથી વિદ્યાર્થીને માર્કશીટ મળે કે સંસ્થાના વડાનું પ્રમાણપત્ર મળે ત્યારે આ માર્કશીટ/પ્રમાણપત્ર દિન-૭માં ઓનલાઈન અપલોડ કરી તેની હેલ્પ સેન્ટરમાં જઈ અચૂક ચકાસણી કરાવવાની રહેશે.

# મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY)

## Important Instructions 2025-26

2. જો કોઈ વિદ્યાર્થી **annexure-9**માં આપેલ **સેલ્ફ ડિક્લેરેશન** અપલોડ કરે તો તેમને સંસ્થાના વડા પાસેથી શિષ્યવૃત્તિ રિન્યુઅલ માટેનું પ્રમાણપત્ર**(annexure-5)**ને બદલે **annexure-9** અપલોડ કરવાનું રહેશે. અને પરિણામ આવતા ઓરિજિનલ માર્કશીટ અપલોડ કરવાની સાથે સંસ્થાના વડા પાસેથી શિષ્યવૃત્તિ રિન્યુઅલનું પ્રમાણપત્ર **(annexure-5)** મેળવીને દિન-૭માં અપલોડ કરવાનું રહેશે.

   ઉક્ત બાબતે કોઈપણ મુશ્કેલી જણાય તો કેસીજી કચેરીનો **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ પહેલા** રૂબરૂમાં સંપર્ક કરવો. છેલ્લી તારીખ બાદ કોઈપણ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ.

### ❖ અન્ય સૂચનાઓ

1. ફ્રેશ અને રિન્યુઅલ અરજી કરતા પહેલા દરેક વિદ્યાર્થીએ વેબસાઈટ પરના **નોટીસ બોર્ડની બધી વિગતો અચૂક વાંચી લેવી**. ત્યારબાદ જ ઓનલાઈન અરજી કરવી.અરજી અંગે કોઈપણ મુશ્કેલી હોય તો છેલ્લી તારીખ પહેલા જ કેસીજી કચેરીનો સંપર્ક કરવો. છેલ્લી તારીખ બાદ કોઈપણ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ.
2. અગત્યની સૂચનાઓ અને છેલ્લી તારીખને ધ્યાને લઇ સહાય મેળવવાથી વંચિત ન રહે તે માટે વિદ્યાર્થીએ **દર અઠવાડિયે નિયમિત વેબસાઈટ/** Student Status **જોતા રહેવું**.
3. મંજૂર થયેલ મળવાપાત્ર સહાયની રકમ વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટમાં ડાયરેકટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) હેઠળ સીધી જમા થતી હોવાથી વિદ્યાર્થીઓએ શિડયુલ બેંકમાં ખાતું ખોલાવવાનું રહેશે અને આ બેંક ખાતા સાથે વિદ્યાર્થીઓએ પોતાના આધાર નંબર અચૂક જોડવાના રહેશે.
   a. વિદ્યાર્થીના બેંક ખાતા સાથે આધાર નંબર જોડાયેલ (Aadhar seeding) છે કે નહિ તે આ લિંક https://resIDent.uIDai.gov.in/bank-mapper પર જોઈ શકાશે. જો બેંક ખાતા સાથે Aadhar seeding ન હોય તો સહાય બેંક ખાતામાં જમા થશે નહિ. તેથી વિદ્યાર્થીએ બેંકમાં જઈ આધારકાર્ડની નકલ આપી બેંક ખાતા સાથે આધાર નંબર લિંક કરાવાનો રહેશે.
   b. વિદ્યાર્થીનો આધાર નંબર બેંક ખાતા સાથે લિંક થઈ જાય તો જ સહાયનું ચૂકવણું થઈ શકશે. **તેની ખાસ નોંધ લેવી**.
4. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત અરજી કરવા માટે મામલતદાર/તાલુકા વિકાસ અધિકારી/તલાટી-કમ મંત્રીની કચેરીમાંથી કઢાવેલ માતા-પિતાની આવક દર્શાવતું આવકનું પ્રમાણપત્ર રજૂ કરવાનું હોય છે. રૂ.૫ લાખ સુધીની આવક માટે જે-

# મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY)

## Important Instructions 2025-26

તે ગામ/સેજા/જૂથ ગ્રામ પંચાયત ખાતે રહેતા વ્યક્તિ માટે સંબધિત ગામ/સેજા/જૂથ ગ્રામ પંચાયતના તલાટી-કમ મંત્રી/મામલતદાર/તાલુકા વિકાસ અધિકારી દ્વારા આપવામાં આવેલ આવકનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે, જયારે રૂ.૫ લાખથી વધુ આવક માટે મામલતદાર/તાલુકા વિકાસ અધિકારી દ્વારા આપવામાં આવેલ આવકનું પ્રમાણપત્ર જ માન્ય ગણાશે . આવકનું પ્રમાણપત્ર તે ઇસ્યુ થયાના નાણાંકીય વર્ષ સહીત ૩ વર્ષ માટે માન્ય હોય છે એટલે કે જો આવકનું પ્રમાણપત્ર તા.૧૮/૦૯/૨૦૨૨ એ કઢાવ્યું હોય તો તે તા.૧૭/૦૯/૨૦૨૫ સુધી જ માન્ય ગણાતું હોઈ તે વર્ષ ૨૦૨૨-૨૩ (૧૮/૦૯/૨૦૨૨ થી ૩૧/૦૩/૨૦૨૩), વર્ષ ૨૦૨૩-૨૪(૦૧/૦૪/૨૦૨૩ થી ૩૧/૦૩/૨૦૨૪) વર્ષ ૨૦૨૪-૨૫ (૦૧/૦૪/૨૦૨૪ થી ૩૧/૦૩/૨૦૨૫) માટે અને વર્ષ ૨૦૨૫-૨૬(તા.૦૧/૦૪/૨૦૨૫ થી તા.૧૭/૦૯/૨૦૨૫ સુધી)માં તા.૧૭/૦૯/૨૦૨૫ સુધી જ માન્ય ગણાશે. એટલે ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬માં આ આવકનું પ્રમાણપત્ર તા.૧૭/૦૯/૨૦૨૫ સુધી જ માન્ય ગણાશે. પરિણામે, આવા વિદ્યાર્થીએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે સહાય મેળવવા માટે જો તા.૧૭/૦૯/૨૦૨૫ સુધીમાં અરજી કરે તો માન્ય ગણાશે. પરતું તા.૧૭/૦૯/૨૦૨૫ પછી અરજી કરે તો તેણે સહાય મેળવવા માટે નવુ આવકનું પ્રમાણપત્ર અરજી કરવાની છેલ્લી તારીખ અથવા તા.૩૧/૦૩/૨૦૨૬ બે પૈકી વહેલું હોય ત્યાં સુધીમાં કઢાવીને રજૂ કરવાનું રહેશે. તા.૩૧/૦૩/૨૦૨૬ પછી કઢાવેલ આવકનું પ્રમાણપત્ર માન્ય ગણાશે નહિ. **જેની ખાસ નોંધ લેવી**.

5. ઓનલાઈન અરજી કર્યા બાદ દિન-૭માં હેલ્પ સેન્ટર ખાતે જઈને દસ્તાવેજોની ચકાસણી કરાવવી ફરજીયાત છે. જો દિન-૭માં હેલ્પ સેન્ટરમાં દસ્તાવેજોની ચકાસણી કરાવવામાં નહિ આવે તો તેમની ઓનલાઈન અરજી આપોઆપ રદ થશે.અને કેસીજી કચેરીનો સંપર્ક કરીને ફરીથી ઓનલાઈન અરજી અને દિન-૭માં હેલ્પ સેન્ટરમાં દસ્તાવેજોની ચકાસણી કરાવવાની રહેશે.
6. વિદ્યાર્થીએ મોબાઈલ નંબર પોતાનો જ આપવો, અને સમગ્ર અભ્યાસક્રમનાં સમયગાળા દરમ્યાન બદલવો નહી, અગત્યની સૂચનાઓ એ જ નંબર પર SMS દ્વારા અથવા ઈ-મેઈલ દ્વારા આપવામાં આવશે, જેથી ઈ-મેઈલ પણ નિયમિતપણે ચકાસતા રહેવું.

## ❖ ઓનલાઈન અરજી કરવાની પ્રક્રિયા

1. ફ્રેશ વિદ્યાર્થીએ સૌ પ્રથમ https://mysy.guj.nic.in પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.
   - જો વિદ્યાર્થીને રજીસ્ટ્રેશન કરવામાં મુશ્કેલી જણાય તો તેમણે mysy-kcg@gujgov.edu.in પર ૧) એડમિશન લેટર ૨) આધાર કાર્ડ અને ૩) 10th/12th/Diplomaની માર્કશીટ ઈ-મેઈલ કરવાના રહેશે.

- રજીસ્ટ્રેશન પૂર્ણ કર્યા બાદ રજીસ્ટર થયેલા મોબાઈલ નંબર પર User-ID અને Password generate થશે.
- ત્યારબાદ વિદ્યાર્થીઓએ ફ્રેશ એપ્લીકેશન પર ક્લિક કરવાનું રહેશે. User-ID અને Password વડે લોગ ઇન કરવાનું રહેશે.

2. રિન્યુઅલ વિદ્યાર્થીએ સૌ પ્રથમ https://mysy.guj.nic.in પોર્ટલ પર લોગ ઇન કરવાનું રહેશે.
    - રિન્યુઅલ અરજી કરતી વખતે જે વિદ્યાર્થીને લોગ ઇન કરવામાં મુશ્કેલી જણાય તો તેમણે mysy-kcg@gujgov.edu.in પર ૧) એડમિશન લેટર ૨) આધાર કાર્ડ અને 3) પ્રથમ/બીજા/ત્રીજા (જે લાગુ પડતું હોય તે વર્ષ)ની માર્કશીટ ઈ-મેઈલ કરવાના રહેશે.
    - રિન્યુઅલ અરજી કરતી વખતે મોબાઈલ નંબર બદલાઈ ગયો હોય તો વિદ્યાર્થીએ **નોલેજ કોન્સોર્ટીયમ ઓફ ગુજરાત, PRL સામે, એલ.ડી કોલેજ ઓફ એન્જિનિયરીંગની બાજુમાં, નવરંગપુરા, અમદાવાદ ખાતે <u>અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ પહેલા</u> રૂબરૂ મુલાકાત લેવાની રહેશે અને પોતાનો મોબાઈલ નંબર બદલાવવાનો રહેશે.**
    - રિન્યુઅલ અરજી માટે વિદ્યાર્થીએ રજીસ્ટર થયેલા મોબાઈલ નંબર પર મળેલ User-ID અને Password વડે રિન્યુઅલ એપ્લીકેશનમાં ક્લિક કરી લોગ ઇન કરવાનું રહેશે.
3. વિદ્યાર્થીએ પોર્ટલ પર લોગ ઇન થયા પછી માંગવામાં આવેલ વિગતો ભરવાની રહેશે અને જરૂરી દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે. વિદ્યાર્થીઓએ પોતાના ઓરીજીનલ દસ્તાવેજ (સુવાચ્ય અને બ્લર ન હોય તેવા) સ્કેન કરીને ઓનલાઈન ફોર્મ સાથે અપલોડ કરવાના રહેશે. દસ્તાવેજ .pdf ફોરમેટમાં હોય તો મહત્તમ 1 MB અને .jpg /.jpeg ફોરમેટમાં હોય તો મહત્તમ 512 KB સાઈઝમાં હોવા જોઈએ
4. વિદ્યાર્થીઓએ ઓનલાઈન અરજી કર્યા બાદ દિન-૭માં અરજીની પ્રિન્ટ લઈ નજીકના હેલ્પ સેન્ટર ખાતે અસલ દસ્તાવેજોની ચકાસણી કરાવવાની રહેશે અને અરજી સાથે સ્વ-પ્રમાણિત દસ્તાવેજો જમા કરાવવાના રહેશે.
5. રાજ્યભરમાં ૩૫૦થી વધુ હેલ્પ સેન્ટરો શરૂ કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓએ ઓનલાઈન અરજી કર્યા બાદ તુરંત જ **<u>પોતાના અભ્યાસક્રમને સંબંધિત નજીકના હેલ્પ સેન્ટર</u>** ખાતે જઈ અસલ અને સ્વપ્રમાણિત પ્રમાણપત્રોની ચકાસણી કરાવવાની રહેશે અને અરજી પત્રક અને દસ્તાવેજોનો એક સેટ હેલ્પ સેન્ટર ખાતે જમા કરાવવાનો

રહેશે. હેલ્પ સેન્ટર ખાતે અરજી જમા કરાવીને Acknowledgement Receipt ફરજીયાત મેળવવાની રહેશે. હેલ્પ સેન્ટર ખાતે અરજી ચકાસણી કરાવેલ હોય અને તેની Acknowledgement Receipt મેળવેલ હશે એજ વિદ્યાર્થીઓની અરજી મંજૂર/નામંજૂર કરવા અંગેની આગળની કાર્યવાહી થશે.

6. વિદ્યાર્થી વેબસાઈટ પર પોતાના User-ID અને પાસવર્ડથી લોગઈન કરીને પોતાની ઓનલાઈન અરજીનું સ્ટેટસ જાણી શકશે.
7. આ ઉપરાંત વિદ્યાર્થીની અરજી સંબંધી જરૂર જણાય તો સંબંધિત ખાતાના વડાની કચેરી વિદ્યાર્થીના પરીણામ, કૌટુંબિક આવકને લગતા કે અન્ય જરૂર જણાય તેવા વધારાના દસ્તાવેજો પણ માંગી શકે છે. તેથી પોતાની અરજીનું સ્ટેટ્સ જોતા રહેવું અને જો કોઈ દસ્તાવેજ માંગેલ હોય તો તે તુરંત ઓનલાઈન સ્ટેટ્સ ચેક કરીને તેમાં માંગેલ દસ્તાવેજ અપલોડ કરીને નજીકના હેલ્પ સેન્ટરમાં વેરીફિકેશન કરાવવું.
8. હેલ્પ સેન્ટરની વિગતો વેબસાઈટ પર ઉપલબ્ધ છે જેઓનો કામકાજના દિવસોમાં ઓફિસ સમય દરમ્યાન જ સંપર્ક કરવા વિદ્યાર્થીઓ તથા વાલીઓને ખાસ નમ્ર વિનંતી છે.

### ❖ List of Documents for Fresh Application 2025-26

1. વિદ્યાર્થીના આધારકાર્ડની સ્વ-પ્રમાણિત નકલ
2. ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ પાસ કર્યાની માર્કશીટની સ્વ-પ્રમાણિત નકલ,
3. ડિગ્રી /ડિપ્લોમાઅભ્યાસક્રમમાં પ્રવેશ મળ્યાનો પ્રવેશ સમિતિના લેટરની સ્વ-પ્રમાણિત નકલ,
4. ટ્યુશન ફી ભર્યાની તમામ પહોંચની સ્વ-પ્રમાણિત નકલ,
5. રેશનકાર્ડની સ્વ-પ્રમાણિત નકલ,
6. સેલ્ફ ડિક્લેરેશન(અસલમાં),
7. વાલીની આવકના પ્રમાણપત્રની સ્વ-પ્રમાણિત નકલ, (મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત અરજી કરવા માટે મામલતદાર/તાલુકા વિકાસ અધિકારી/તલાટી-કમ મંત્રીની કચેરીમાંથી કઢાવેલ માતા-પિતાની આવક દર્શાવતું આવકનું પ્રમાણપત્ર રજૂ કરવાનું હોય છે. રૂ.૫ લાખ સુધીની મર્યાદા માટે જે-તે ગામ/સેજા/જૂથ ગ્રામ પંચાયત ખાતે રહેતા વ્યક્તિ માટે સંબધિત ગામ/સેજા/જૂથ ગ્રામ પંચાયતના તલાટી-કમ મંત્રી અથવા મામલતદાર/તાલુકા વિકાસ અધિકારી દ્વારા આપવામાં આવેલ આવકનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.)

8. સંસ્થાના આચાર્યશ્રીનુ સંસ્થાના લેટરહેડ પર પ્રમાણપત્ર(અસલમાં),
9. હોસ્ટેલ પ્રવેશ તથા જમવાની પહોંચની સ્વ-પ્રમાણિત નકલ અથવા ભાડા કરાર
10. વિદ્યાર્થીના બેંકના બચત ખાતાની પાસબુકના પ્રથમ પાનાની સ્વ-પ્રમાણિત નકલ/કેન્સલ ચેકની નકલ (બેંક એકાઉન્ટ નંબર અને IFSC સ્પષ્ટ દેખાય તેવી)

### ❖ <u>List of Documents for Renewal Application 2025-26</u>

1. વિદ્યાર્થીના આધારકાર્ડની સ્વ-પ્રમાણિત નકલ
2. સંસ્થાના વડા પાસેથી શિષ્યવૃત્તિ રિન્યુઅલ માટેનું પ્રમાણપત્ર (અસલમાં)
3. વિદ્યાર્થીના પ્રથમ/બીજા/ત્રીજા (જે લાગુ પડતું હોય તે વર્ષ)ની માર્કશીટની (સેમેસ્ટર સીસ્ટમ હોય તો બન્ને સેમેસ્ટરની માર્કશીટ) સ્વ-પ્રમાણિત નકલ
4. વિદ્યાર્થીએ અભ્યાસક્રમના બીજા/ત્રીજા/ચોથા (જે લાગુ પડતું હોય તે વર્ષ)માં ફી ભર્યાની તમામ પહોંચની સ્વ-પ્રમાણિત નકલ
5. રેશનકાર્ડની સ્વ-પ્રમાણિત નકલ,
6. હોસ્ટેલ પ્રવેશ તથા જમવાની પહોંચની સ્વ-પ્રમાણિત નકલ અથવા ભાડા કરાર
7. વિદ્યાર્થીના બેંકના બચત ખાતાની પાસબુકના પ્રથમ પાનાની સ્વ-પ્રમાણિત નકલ/કેન્સલ ચેકની નકલ (બેંક એકાઉન્ટ નંબર અને IFSC સ્પષ્ટ દેખાય તેવી)
8. વાલીની આવકના પ્રમાણપત્રની સ્વ-પ્રમાણિત નકલ , (મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત અરજી કરવા માટે મામલતદાર/તાલુકા વિકાસ અધિકારી/તલાટી-કમ મંત્રીની કચેરીમાંથી કઢાવેલ માતા-પિતાની આવક દર્શાવતું આવકનું પ્રમાણપત્ર રજૂ કરવાનું હોય છે. રૂ.૫ લાખ સુધીની મર્યાદા માટે જે-તે ગામ/સેજા/જૂથ ગ્રામ પંચાયત ખાતે રહેતા વ્યક્તિ માટે સંબધિત ગામ/સેજા/જૂથ ગ્રામ પંચાયતના તલાટી-કમ મંત્રી અથવા મામલતદાર/તાલુકા વિકાસ અધિકારી દ્વારા આપવામાં આવેલ આવકનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.)

### ❖ <u>પેન્ડીંગ અરજીઓ માટે અગત્યની સૂચનાઓ</u>

- જે વિદ્યાર્થીઓની અરજી યોગ્ય દસ્તાવેજો ન હોવાના કારણે પેન્ડીંગ રાખવામાં આવેલ હોય, તે વિદ્યાર્થીઓએ નીચે મુજબની સૂચના ખાસ ધ્યાને લેવાની રહેશે:

1. વિદ્યાર્થીઓએ મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાની વેબસાઈટ પર જઈને “Student Status”માં લોગ ઇન કરવાનું રહેશે.

# મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY)

## Important Instructions 2025-26

2. વિદ્યાર્થીઓએ Student Statusમાં લોગ ઇન કર્યા બાદ જો તેઓનું સ્ટેટ્સ પેન્ડીંગ હશે તો તેઓને "Upload pending document now"માં જઈને ડોક્યુમેન્ટ અપલોડ કરવા માટે ૨ ઓપ્શન બતાવશે.
3. જો વિદ્યાર્થીઓના સ્ટેટ્સમાં other ઓપ્શન પેન્ડીંગ હોય તો તેઓએ Other ઓપ્શન સિલેક્ટ કરી Student Status માં Remarksમાં કચેરી દ્વારા જે દસ્તાવેજો મંગાવવામાં આવ્યા હોય માત્ર તે જ દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે, અને હેલ્પસેન્ટરમાં જઈને તેની ચકાસણી કરાવવાની રહેશે.
4. વિદ્યાર્થીને ૩ વાર તક આપવા છતાં ૩ કે તેથી વધુ વખત ખોટા દસ્તાવેજો અપલોડ કરવામાં આવશે તો તેની પાસે યોગ્ય દસ્તાવેજો નથી તેમ માનીને તેઓની અરજી જે-તે ખાતાના વડાની કચેરી દ્વારા નામંજૂર કરવામાં આવશે. પરિણામે, એક જ દસ્તાવેજ ફરી અપલોડ કરતા અરજી પેન્ડીંગમાં રાખવામાં આવે અને તે દસ્તાવેજ ફરી માંગવામાં આવે તો તેવા સંજોગોમાં તેમજ કયા દસ્તાવેજો અપલોડ કરવા તેની સમજ ન પડતી હોય તો યોગ્ય માર્ગદર્શન માટે જરૂર જણાય તો હેલ્પ સેન્ટર કે સબંધિત ખાતાની વડાની કચેરીએ **છેલ્લી તારીખ પહેલા** રૂબરૂ સંપર્ક કરવો હિતાવહ છે.

- **તમામ વિદ્યાર્થીઓએ આ સહાય અંગેની વધુ માહિતી મેળવવા માટે તેમજ મુંઝવણના ઉકેલ માટે નોલેજ કોન્સોર્ટીયમ ઓફ ગુજરાત, PRL સામે, એલ.ડી કોલેજ ઓફ એન્જિનિયરીંગની બાજુમાં, નવરંગપુરા, અમદાવાદ ખાતે અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ પહેલા રૂબરૂ મુલાકાત લેવાની રહેશે. છેલ્લી તારીખ બાદ કોઈ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ જેની નોંધ લેવી.**

- **યોજનાની વધુ માહિતી કામકાજના દિવસોમાં હેલ્પ લાઈન નં: ૭૦૪૩૩૩૩૧૮૧ (૧૦:૩૦ થી ૧૮:૦૦) પરથી મળી શકશે.**

## મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY) અંતર્ગત સહાય મેળવવા

### Aadhar Biometric e- KYC કરાવવા બાબતની જાણકારી

નીચેની ૩ (ત્રણ) રીતે e-KYC કરાવી શકાય છે.

૧) ગ્રામ્ય સ્તરે ઈ-ગ્રામ કેન્દ્રમાં રૂબરૂ જઈને V.C. E મારફત., (ઈ-ગ્રામ કેન્દ્રોની યાદી નોટીસબોર્ડ પર ઉપલબ્ધ છે)

૨) તાલુકા કક્ષાએ તથા શહેર વિસ્તારમાં મામલતદાર કચેરીમાં, મહાનગર પાલિકામાં ઝોનલ કચેરીમાં રૂબરૂમાં જઈને.

૩) ઘરેબેઠાં “My Ration” Mobile application થી e-KYC થઈ શકે છે.

- E-KYC માટે રેશનકાર્ડ નંબર, મોબાઈલ નંબર અને આધાર નંબરની માત્ર વિગતો આપવાની રહે છે. અન્ય કોઈ ખાનગી માહિતી કે બેંક એકાઉન્ટની વિગતો આપવી નહી. કોઈ દસ્તાવેજની ઝેરોક્ષ કોપીની જરૂર નથી.

- **<u>ફ્રેશ અને રિન્યુઅલ અરજી કરતી વખતે જરૂર જણાતા દસ્તાવેજોની નકલ</u>**


| Documents list | Formats | Page number |
| --- | --- | --- |
| 1. Certificate from Institute for new student 2025-26 (Gujarati) | Annexure -1 | 1 |
| 2. Certificate from Institute for new student 2025-26 (English) | Annexure -2 | 2 |
| 3. Income Certificate Format | Annexure -3 | 3 |
| 4. self-declaration - MYSY 2025-26 | Annexure -4 | 4 |
| 5. Renewal certificate from institute (Gujarati) | Annexure -5 | 5 |
| 6. Renewal certificate from Institute (English) | Annexure -6 | 6 |
| 7. Returning sahay information | Annexure -7 | 7 |
| 8. Returning Sahay Form | Annexure -8 | 8 |
| 9. Certificate for students whose University exam/result are late/pending | Annexure-9 | 9 |

## Annexure -1

# પ્રથમ વર્ષે અરજી કરતા વર્ષ ૨૦૨૫-૨૬માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ સહાય મેળવવા માટે અરજી સાથે સંસ્થાના લેટરપેડ પર જોડવાના પ્રમાણપત્રનો નમુનો

---

ક્રમાંક: તારીખ:

## પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી/કુ.______________________ એનરોલમેન્ટ નંબર__________________ અમારી સંસ્થાના ડીગ્રી/ ડીપ્લોમા/ ડી-ટુ-ડી ______________________________ અભ્યાસક્રમમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં કેન્દ્રીય પ્રવેશ સમિતિ દ્વારા/ મેનેજમેન્ટ ક્વોટામાં/ વેકન્ટ ક્વોટામા(સરકારી/મેનેજમેન્ટ) સંસ્થા દ્વારા પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવીને અભ્યાસ કરે છે. શ્રી/કુ.______________________ એનઆરઆઈ બેઠક પર પ્રવેશ મેળવેલ નથી.

વિદ્યાર્થીએ અમારી સંસ્થામાં ચાલુ સેમેસ્ટર 1/3/5/7 અથવા વર્ષ 1/2/3/4 માં રૂ.__________________ ટ્યુશન ફી ભરેલ છે.

અમારી સંસ્થામાં સેલ્ફ ફાઈનાન્સ/ગ્રાન્ટ ઇન એડ/ સરકારી ______________હોસ્ટેલ છે. જેમાં શ્રી/કુ.______________________ હોસ્ટેલમાં પ્રવેશ મેળવેલ છે/નથી.

તેઓએ અન્ય કોઈપણ યોજના હેઠળ કોઈપણ પ્રકારની શિષ્યવૃત્તિ સહાય મેળવવા અરજી કરેલ નથી/ મેળવતા નથી. તેઓની સામે શૈક્ષણિક સંસ્થાના નીતિ નિયમો અથવા નૈતિક ધોરણો પ્રમાણે ગંભીર ગેરશિસ્ત વિષયક કોઈપણ કાર્યવાહી કરવામાં આવેલ નથી. આ વર્ષ/ગત વર્ષ દરમિયાન જો તેઓએ અન્ય કોઈ યોજનામાંથી સહાય મેળવે/પ્રવેશ રદ કરાવે/ અન્ય સંસ્થામાં ટ્રાન્સફર કરાવે તો કેસીજી, અમદાવાદને પત્ર દ્વારા તેમજ ઈ-મેલ mysy-kcg@gujgov.edu.in પર જાણ કરીશું.

Seal of Institute

____________________

સંસ્થાના વડાનું નામ, સહી અને સિક્કો

* ખાસ નોંધ:

1. વિદ્યાર્થીએ જો કોઈ અન્ય યોજના હેઠળ સહાય મેળવવા અરજી કરેલ/મેળવતા હોય તો તે યોજનાનું નામ અને મળનાર/મળતી સહાયની રકમની વિગત પ્રમાણપત્રમાં દર્શાવવી.

## Annexure -2

# For new students enrolled in the academic year 2025-26

**Sample certificate to be brought in the Institution's Letterhead to get benefit of Mukhyamantri Yuva Swavalamban Yojana.**

---

**Sr.no:** **Date:**

**Certificate**

This is to certify that Mr/Ms. ___________________________________ Enrollment No.______________ is studying in ___________________ course of our institute in Diploma/ Degree /D2D in the academic year 2025-26, through the Central Admissions Committee/Management Quota/ Vacant Quota(Government/Management) in our institute in first year. Mr/ Ms.________________________ has not got admission on the NRI seat.
He /She has paid Rs _____________________ tuition fees in Semester 1/3/5/7 or Year 1/2/3/4. Our Institute has ______________ (Government/ Grant in aid/Self finance) Hostel facility. Mr./Ms. _____________________has been admitted/not admitted in our hostel.

He/she has not applied for/received any other scholarship assistance under any other state/central government scheme. No action has been taken against serious mischief in accordance with the policy rules or moral standards of the educational institution. During this year/previous year if they get assistance from any other scheme/cancellation/transfer to other institutions, we inform KCG by sending a letter through registered post and on e-mail mysy-kcg@gujgov.edu.in.

Seal of Institute

_____________________________________________

Name of organization's head, signature and stamp

**Important Note**:

1. Please mention the name of scholarship scheme & scholarship amount, if student is getting scholarship under any other scholarship scheme.

## ANNEXURE II

PHOTO

પ્રમાણપત્ર ક્રમાંક :

મામલતદાર ઓફિસ :

તારીખ :

# ગુજરાત સરકાર
# આવકનું પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રીમાન ______

શ્રી ______ ના ______ છે.

તેઓ ______ ગામ / નગર ______

તાલુકો ______ જિલ્લો ______ ના રહીશ છે.

તેઓના કુટુંબની ગત નાણાકીય વર્ષની તમામ સાધનોમાંથી થતી વાર્ષિક આવક રૂા. ______

અંકે રૂપિયા ______

પુરા છે. જેની વિગત નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| (૧) | અરજદારની પોતાની આવક | રૂા. ૧૫,૦૦૦/- |
| (૨) | અરજદારના માતા-પિતાની આવક | રૂા. ૨૦,૦૦૦/- |
| (૩) | કુટુંબના અન્ય સભ્યોની આવક | રૂા. ૧૦,૦૦૦/- |
| | કુલ વાર્ષિક આવક | રૂા. ૪૫,૦૦૦/- |

સદરહુ પ્રમાણપત્ર નીચે મુજબના પુરાવાઓના આધારે આપવામાં આવેલ છે.

(૧) ૭/૧૨ નો દાખલો
(૨) ૮ અ નો દાખલો
(૩) ધરવેરાનાં બીલની ખરી નકલ
(૪) ટેલીફોન બીલની ખરી નકલ
(૫) ચુંટણી ઓળખ કાર્ડની નકલ
(૬) ફોર્મ નં. 16

## શરતો : -

(૧) આ પ્રમાણપત્ર ઈસ્યુ થયાના નાણાકીય વર્ષ સહિત ત્રણ વર્ષ માટે ગ્રાહ્ય રહેશે.
(૨) ત્રણ વર્ષના ગાળા દરમ્યાન સબંધિત કુટુંબની આવકમાં કોઈપણ સ્વરૂપે થયેલો વધારો જાહેર કરવાની જવાબદારી સબંધિત અરજદાર / કુટુંબની રહેશે.

મામલતદાર ઓફિસ

કચેરીની મહોર

તાલુકો :

જિલ્લો :

## Annexure -4

## મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ઉચ્ચ શિક્ષણ સહાય મેળવવા ઈચ્છુક વિદ્યાર્થી તથા વાલીએ આપવાનું સેલ્ફ ડીકલેરેશન-વર્ષ ૨૦૨૫-૨૬

હું_______________________________________________ ઉંમર વર્ષ: ___________

રહેવાસી_______________________________________________________

મારા ધર્મના સોગંદ લઇ પ્રતિજ્ઞાપૂર્વક જણાવું છું કે મારા પુત્ર/ પુત્રી શ્રી /કુ.______________________ ______________કે

જેને________________________________ (સંસ્થાનુ નામ) ખાતે ________________________ સ્નાતક/ડીપ્લોમા અભ્યાસક્રમમાં ___સેમેસ્ટરમાં વર્ષ ________માં પ્રવેશ મળેલ છે અને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત શિષ્યવૃતિનો લાભ મેળવવા નીચે જણાવેલ વિગતોની માહિતી જાહેર કરું છું. આ તમામ વિગતો/માહિતી સાચી છે અને મને તથા મારા પુત્ર/પુત્રીની જાણમાં છે.

| | |
|---|---|
| (૧) | મારી વાર્ષિક આવક રૂ._____________________અને મારા પતિ/પત્નીની વાર્ષિક આવક રૂ.______________છે. મારા કુટુંબની નાણાકીય વર્ષ-૨૦૨૪-૨૫ (આકારણી વર્ષ ૨૦૨૫-૨૬)ની કુલ વાર્ષિક આવક રૂપિયા ૬,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા છ લાખ પૂરા) થી વધુ થતી નથી. |
| (૨) | મારા પુત્ર/પુત્રીએ એન.આર.આઇ. બેઠક પર પ્રવેશ મેળવેલ નથી. |
| (૩) | મને અને મારા પુત્ર/પુત્રીને એ જાણ છે કે આ સહાયનો લાભ આગળના ક્રમિક શૈક્ષણિક વર્ષમાં મેળવવા માટે અગાઉ જે વર્ષે સહાય મળી હોય તે વર્ષની પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦% માર્ક્સ મેળવી ઉત્તીર્ણ થવાનું રહેશે. |
| (૪) | મને અને મારા પુત્ર/પુત્રીને એ જાણ છે કે સંબધિત શૈક્ષણિક સંસ્થાના નીતિ નિયમો પ્રમાણે જે તે શૈક્ષણિક વર્ષમાં ઓછામાં ઓછી ૭૫% હાજરી હોવી જરૂરી રહેશે. |
| (૫) | મને જાણ છે કે જો મારા પુત્ર/પુત્રી સામે સંબંધિત શૈક્ષણિક સંસ્થાના નીતિ નિયમો અથવા નૈતિક ધોરણો પ્રમાણે ગંભીર ગેરશિસ્ત વિષયક કાર્યવાહી કરવામાં આવશે તો મારા પુત્ર/પુત્રી સહાય મેળવવા માટે અથવા શિષ્યવૃત્તિ ચાલુ રાખવા માટે ગેરલાયક ઠરશે. |
| (૬) | મને મારા પુત્ર/પુત્રીને એ જાણ છે કે જો ખોટી વિગતો,ખોટું આવકનું પ્રમાણપત્ર મેળવીને કે અન્ય કોઈ રીતે ખોટી વિગતો રજુ કરીને કે કોઈ વિગતો છુપાવીને કે છેતરપીંડીથી સહાય મેળવેલ છે તેવું પ્રસ્થાપિત થશે તો મેળવેલ સહાયની તમામ રકમ ૧૮%ના દંડનીય વ્યાજ સહિત પરત જમા કરાવવાની રહેશે તથા ગુજરાત સરકારની **કોઈ પણ** યોજનાનો લાભ લઈ શકાશે નહી અને અમો પર અન્ય સહાય મેળવવા પ્રતિબંધ મૂકવામાં આવશે. ઉપરાંત, આ બાબતે અમારી સામે કાયદેસરની કાર્યવાહી માટેના પગલાં લેવામાં આવશે |
| (૭) | જો અમારા ખાતામાં કેસીજી કચેરી દ્વારા શરતચૂકથી અન્ય વિદ્યાર્થીના કે અમોએ અરજીમાં દર્શાવેલ રકમ કરતા અને/અથવા અમોને મળવાપાત્ર રકમ કરતા વધુ રકમ અમારા બેંક ખાતામાં જમા કરવામાં આવશે તો વધારાની રકમ અમો કેસીજી કચેરી દ્વારા જાણ કર્યાના દિન-૧૫માં પરત કરીશું. જો ઉક્ત સમયમર્યાદામાં અમો રકમ પરત ન કરીએ તો મેળવેલ વધારાની રકમ ૧૮%ના દંડનીય વ્યાજ સહિત પરત જમા કરાવવાની રહેશે. જો અમો આ રકમ જમા નહિ કરાવીએ તો પછીના વર્ષની અમોને મળવાપાત્ર સહાયમાંથી આ રકમ અને દંડનીય વ્યાજ વસૂલ કરવામાં આવશે તેમજ પછીના વર્ષોમાં આ સહાય અને સરકારશ્રીની અન્ય સહાય માટે પ્રતિબંધ મૂકવામાં આવશે તેની અમોને જાણ છે. |
| (૮) | મને મારા પુત્ર/પુત્રીને એ જાણ છે કે આ યોજના અંતર્ગત સહાયનો લાભ મળતા અન્ય કોઈ યોજના હેઠળ સહાય કે ફી-રીઈમબર્સમેન્ટનો લાભ મળવાપાત્ર નથી. આથી આવી અન્ય કોઈ યોજના હેઠળ સહાય કે શિષ્યવૃતિ કે ફી -રીઈમબર્સમેન્ટનો લાભ મેળવીશ નહિ. |
| (૯) | મારા પુત્ર/પુત્રીને અમારા હાલના પ્રવર્તમાન રહેઠાણના તાલુકાની બહારની સંસ્થામાં પ્રવેશ મેળવેલ છે અને તેને સરકારી/અનુદાનિત હોસ્ટેલમાં પ્રવેશ મળેલ નથી. આથી મારો પુત્ર/પુત્રી જીલ્લો_______ તાલુકો_______ ખાતે આવેલી__________________ (હોસ્ટેલનું નામ સરનામું આપવું)____________ હોસ્ટેલમાં રહી અભ્યાસ કરે છે. |

સ્થળ:______________ તારીખ:_____________

લાભાર્થી વિદ્યાર્થીની સહી: ________________ વાલીની સહી: ________

લાભાર્થી વિદ્યાર્થીનું નામ: ________________ વાલીનું નામ: ________

**Annexure -5**

## <u>મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ રીન્યુઅલ સહાય મેળવવાની અરજી માટે સંસ્થાના લેટરપેડ પર જોડવાના પ્રમાણપત્રનો નમુનો</u>

---

ક્રમાંક: તારીખ:

### <u>પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી/કુ.______________________ એનરોલમેન્ટ નંબર_________________ અમારી સંસ્થાના ડીગ્રી/ડીપ્લોમા/ડી ટુ ડી ____________________________ અભ્યાસક્રમમાં શૈક્ષણિક વર્ષ ________ માં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવીને હાલમાં _________ વર્ષમાં અભ્યાસ કરે છે. શ્રી/કુ.______________________ એ મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ અગાઉ _________વર્ષે રૂ. _________ ની સહાય મેળવેલ છે. તેઓ અન્ય કોઈપણ યોજના હેઠળ કોઈપણ પ્રકારની શિષ્યવૃત્તિ સહાય મેળવતા નથી. શ્રી /કુ. _______________ સામે શૈક્ષણિક સંસ્થાના નીતિ નિયમો અથવા નૈતિક ધોરણો પ્રમાણે ગંભીર ગેરશિસ્ત વિષયક કોઈ પણ કાર્યવાહી કરવામાં આવેલ નથી તથા સંસ્થાના નીતિ નિયમો પ્રમાણે વર્ષ _________દરમિયાન ૭૫ % કે તેથી વધુ હાજરી આપેલ છે. અમારી સંસ્થામાં સેલ્ફ ફાઈનાન્સ/ગ્રાન્ટ ઇન એડ/ સરકારી હોસ્ટેલ છે. જેમાં શ્રી/કુ.______________________ હોસ્ટેલમાં પ્રવેશ મેળવેલ છે/નથી . વિદ્યાર્થીએ અમારી સંસ્થામાં ચાલુ સેમેસ્ટર 1/3/5/7 અથવા વર્ષ 1/2/3/4 માં __________________ રૂ. ટ્યુશન ફી ભરેલ છે. શ્રી/કુ.______________________ એ પ્રથમ / બીજા / ત્રીજા /ચોથા વર્ષની માહે________ની પરીક્ષા ______ માંથી _________ ગુણ/ Grade મેળવી _______ ટકા સાથે_____ પ્રયત્ને પાસ કરેલ છે.

<u>અથવા</u>

શ્રી/કુ.______________________ એ પ્રથમ /બીજા /ત્રીજા /ચોથા વર્ષની પરીક્ષાના એટલે કે પ્રથમ /ત્રીજા /પાંચમા /સાતમા સેમેસ્ટરમાં ______ માંથી _________ ગુણ/SPI/Grade ______ પ્રયત્ને અને બીજા/ ચોથા/ છઠ્ઠા/ આઠમા સેમેસ્ટરમાં ______ માંથી _________ ગુણ/SPI/Grade ______ પ્રયત્ને મેળવેલ છે. આમ પ્રથમ /બીજા /ત્રીજા /ચોથા વર્ષની પરીક્ષાના બન્ને સેમેસ્ટરમાં કુલ ગુણ/SPI/Grade ______ માંથી _________ ગુણ/SPI/Grade મેળવી _______ ટકા સાથે પાસ કરેલ છે.

તેઓએ અન્ય કોઈપણ યોજના હેઠળ કોઈપણ પ્રકારની શિષ્યવૃત્તિ સહાય મેળવવા અરજી કરેલ નથી/ મેળવતા નથી. તેઓની સામે શૈક્ષણિક સંસ્થાના નીતિ નિયમો અથવા નૈતિક ધોરણો પ્રમાણે ગંભીર ગેરશિસ્ત વિષયક કોઈપણ કાર્યવાહી કરવામાં આવેલ નથી. આ વર્ષ/ગત વર્ષ દરમિયાન જો તેઓએ અન્ય કોઈ યોજનામાંથી સહાય મેળવે/પ્રવેશ રદ કરાવે/ અન્ય સંસ્થામા ટ્રાન્સફર કરાવે તો કેસીજી, અમદાવાદને પત્ર દ્વારા તેમજ ઈ-મેલ mysy-kcg@gujgov.edu.in પર જાણ કરીશુ

Seal of

_____________________

સંસ્થાના વડાનું નામ, સહી અને સિક્કો

ખાસ નોંધ: <u>વિદ્યાર્થીએ જો કોઈ અન્ય યોજના હેઠળ સહાય મેળવતા હોય તો તે યોજનાનું નામ અને મળતી સહાયની રકમની વિગત પ્રમાણપત્રમાં દર્શાવવી.</u>

# Annexure -6

Certificate to be submitted on Institute letter head for renewal of Mukhyamantri Yuva Swavalamban Yojana, Gujarat State

No: Date:

## Certificate

This is to certify that Mr./Ms.______________________________ Enrollment No.______________ is studying in _________________ course of our institute after taking admission in first year during academic year ________ Mr./Ms.__________________________ has got Rs. ___________ scholarship under **'Mukhyamantri Yuva Swavalamban Yojana'** during year__________. Mr./Ms.______________________ is not given/receiving any other scholarship as per institute records. There is no serious disciplinary action against Mr./Ms.___________________________ as per the educational institute regulations or moral grounds. He/She has 75% or more attendance during year____________. Our Institute has Government/ Grant in aid/Self finance Hostel Facility. Mr./Ms. ___________________________has been admitted/not admitted in our hostel. He/ She has paid Rs. _______________ of tuition fees in semester (1/3/5/7) or year (1/2/3/4).

Mr./Ms._____________________________ has passed the first/second/third/fourth year exam in month___________with ______% obtaining ________marks/grade out of _________ with _______attempts. OR

Mr./Ms._____________________________ has passed first /second /third /fourth year exam with ______% obtaining _______ marks/SPI/Grade out of ________ in first / third / fifth /seven semester with _______ attempts and _______ marks/SPI/Grade out of ________ in second /fourth /six /eight semester with _______attempts.

He/she has not applied for/received any other scholarship assistance under any other state/central government scheme. No action has been taken against serious mischief in accordance with the policy rules or moral standards of the educational institution. During this year/previous year if they get assistance from any other scheme/cancellation/transfer to other institutions, we inform KCG by sending a letter through registered post and on e-mail mysy-kcg@gujgov.edu.in.

Seal of Institute

Name, sign & stamp of Institute head

**Important Note**:

1. Please mention the name of scholarship scheme & scholarship amount, if student is getting scholarship under any other scholarship scheme.

# Annexure -7

## <u>સહાય પરત કરવા માંગતા હોય તેવા વિદ્યાર્થીઓ માટે અગત્યની સુચના</u>

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાની જોગવાઈ મુજબ વિદ્યાર્થીએ રાજ્ય સરકાર અથવા ભારત સરકાર અથવા અન્ય કોઈ યોજનાઓ પૈકી કોઈ એક યોજના હેઠળ લાભ મેળવવા પસંદગી કરવાની રહે છે. કોઈપણ વિદ્યાર્થી એક સાથે એકથી વધુ યોજનાને પસંદગી આપી શકતો નથી એટલે કે કોઈ એક યોજના હેઠળ જ લાભ મેળવી શકે છે. આથી વિદ્યાર્થી અન્ય જગ્યાએથી સહાય મેળવવાનું પસંદ કરે તો મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ મળેલ સહાય પરત કરવાની રહે છે.

જો કોઈ વિદ્યાર્થીને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ મળેલ સહાય પરત કરવાની થતી હોય તેવા કિસ્સામાં નીચેની સુચનાઓ ધ્યાને લેવાની રહેશે.

૧. વિદ્યાર્થી MYSY/KKNની સહાયની રકમ તેના બેંક ખાતામાં જે તારીખે જમા થાય તેના ૩૦ દિવસમાં MYSY હેઠળ મળેલ સહાયની પુરેપુરી રકમ પરત કરશે તો તેની પાસેથી વ્યાજ વસુલવામાં આવશે નહિ પરંતુ જો વિદ્યાર્થી દ્વારા તેની MYSYની સહાયની રકમ તેના બેંક ખાતામાં જે તારીખે જમા થાય તેના ૩૦ દિવસ બાદ પરત કરવામાં આવે ત્યારે તેવા કિસ્સામાં તે વિદ્યાર્થી પાસેથી નીચેના ફોર્મુલા મુજબ ૧૮%ના વાર્ષિક દરે વ્યાજ પણ વસુલવામાં આવશે.

**ફોર્મુલા: Amount × 18 × (વિદ્યાર્થીની MYSYની સહાયની રકમ તેના બેંક ખાતામાં જે તારીખે જમા થાય તે તારીખથી જેટલા મહિના સુધી MYSYની સહાયનાં નાણા પોતાની પાસે જમા રાખેલ હોઈ તે મહિનાની સંખ્યા)/ (100 × 12)**

$$Interest = \frac{Amount\ \text{X}\ 18\ \text{X}\ months}{100\ \text{X}\ 12}$$

ઉદાહરણ: જો વિદ્યાર્થીની MYSYની સહાયની રકમ રૂપિયા ૧૦,૦૦૦=૦૦ તેના બેંક ખાતામાં તારીખ: ૦૧/૦૧/૨૦૧૮ના રોજ જમા થાય ત્યારબાદ જો તે સહાયની રકમ તારીખ: ૦૧/૦૪/૨૦૧૮ના રોજ પરત કરે તો તેને ૩ મહિનાનું વ્યાજ ઉપરના ફોર્મુલા મુજબ ચુકવવાનું કહેશે પરતું જો તે વિદ્યાર્થી સહાયની રકમ તારીખ: ૦૨/૦૪/૨૦૧૮ના રોજ પરત કરે તો તેને ૪ મહિનાનું વ્યાજ ઉપરના ફોર્મુલા મુજબ ચુકવવાનું કહેશે.

૨. વિદ્યાર્થીએ આ યોજના હેઠળ મેળવેલ સહાયની રકમ પરત કરવા નિયત પત્રકમાં અરજી કરવાની રહેશે.

૩. વિદ્યાર્થીએ નિયત અરજી સાથે સહાયની પુરી રકમનો **"Knowledge Consortium of Gujarat MYSY"** ના નામનો અમદાવાદ ખાતે ચુકવવાપાત્ર (payable at Ahmedabad) ડિમાન્ડ ડ્રાફ્ટ જોડવાનો રહેશે.

૪. MBBSની વિદ્યાર્થીનીઓએ નિયત અરજી સાથે કન્યા કેળવણી નિધિ હેઠળ મળેલ સહાયની પુરી રકમનો **"MUKHYA MANTRI KANYA KELAVNI NIDHI YOJANA"**ના નામનો અમદાવાદ ખાતે ચુકવવાપાત્ર (payable at Ahmedabad) ડિમાન્ડ ડ્રાફ્ટ જોડવાનો રહેશે. (ઉપરાંત MYSYની સહાય મુદ્દા ૩. મુજબ પરત કરવાની રહેશે.)

૫. વિદ્યાર્થીએ નિયત નમુનામાં અરજી અને ડિમાન્ડ ડ્રાફ્ટ નીચેના સરનામે રૂબરૂમાં જમા કરાવવાના રહેશે.

**મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અમલીકરણ સેલ**
**નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત (કેસીજી), પ્રજ્ઞાપુરમ,**
**પી.આર.એલ સામે,**
**એલ.ડી.ઈજનેરી કોલેજ પાસે,**
**નવરંગપુરા,**
**અમદાવાદ-૩૮૦૦૧૫**

## Annexure -8

| | | |
|---|---|---|
| **Mukhyamantri Yuva Swavlamban Yojana, Gujarat State** | | |
| **Application form for Returning Sahay** | | |
| | | Application Id:________________ |
| 1 | Name of Applicant: | ____________________<br>(Surname) (Name) (Father's Name) |
| 2 | Permanent Address: | ____________________<br>____________________Ta:____________________<br>Di:____________________ Pin:____________________ |
| 3 | Contact Detail: | (M)____________________(R)____________________<br>E-Mail:____________________ |
| 4 | HSC Sent No:____________Stream:____________Overall Percentile:__________PASS Year_______ | |
| 5 | **Details of Sahay Received:**<br>Amount Received:<br>Rs.1______________2___________3_________________4___________5___________<br>(In Words____________________________________________)<br>Received Date: 1____________2___________3_________________4________5_________<br>Returned Date: | |
| | Interest to Pay:<br>Rs.1______________2___________3_________________4___________5___________<br>Total amount to return (Sahay Amount+Interest Amount): Rs.______________<br>Interest=Amount X18X Months / 100X12 | |
| | Name of Bank:________________________________ | Branch:____________________ |
| | Saving Account No:____________________________ | IFSC Code:__________________ |
| 6 | Name of University:____________________________________________ | |
| 7 | Name of Institution:____________________________________________ | |
| 8 | Type of Institution:____________________________________________ | |
| 9 | Name of Course:____________________________________________ | |
| 10 | **Details of Demand draft** (Full amount of Sahay) | |
| | In Favour of : **Knowledge Consortium of Gujarat MYSY** | |
| | Demand Draft No:____________________<br>Issuing Bank:______________________ | Payable at: Ahmedabad |
| | Amount:__________________________ | Issue Date:____________________ |
| 11 | **Reason for Returning Sahay**:____________________________________________ | |
| 12 | **Undertaking:** ________I ________________________the undersigned returning my sahay amount in total and I know that I will not receive the sahay under this scheme in future.<br><br>____________________________________ ____________________<br>(Name and Counter Sign of Parent/Guardian) (Name and Sign of Student)<br><br>Place:<br>Date:<br>Verified and Approved by | |

**Annexure -9**

**<u>સેલ્ફ ડિક્લેરેશન</u>**

તા.   /   /

હું ________________________________ રહેવાસી _______________________

___________________________ મારા ધર્મના સોગંધ લઇ પ્રતિજ્ઞાપૂર્વક સોગંધનામું કરું છું કે મારા પુત્ર/પુત્રીશ્રી/કુ.________________________________ધોરણ-૧૦નો સીટ નંબર/ ધોરણ-૧૨નો સીટ નંબર/ ડીપ્લોમાનો એનરોલમેન્ટ નંબર _____________________ બોર્ડ/યુનિવર્સીટી _______________ કોલેજ________________________________ માં શૈક્ષણિક વર્ષ ________ દરમિયાન _______________ કોર્ષમાં ____________ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવેલ છે. આ સંસ્થામાં મારો રોલ નંબર________________ છે. અને તે સેમેસ્ટર_______માં અભ્યાસ કરે છે. જે અંગે તેણે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે અરજી કરેલ છે.

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તા.___/___/_____ હોઈ અમે નીચેના કારણોસર ખૂટતા દસ્તાવેજ સબબ આ સેલ્ફ ડિક્લેરેશન જમા કરાવીએ છીએ.

- યુનિવર્સીટી/કોલેજો દ્વારા પરીક્ષા મોડી લેવાના કારણે પરિણામ આવેલ ન હોવાથી. ☐
- યુનિવર્સીટી/કોલેજો દ્વારા પરીક્ષા ન લેવાયેલ હોય તો તેને કારણે પરિણામ આવેલ ન હોવાથી. ☐
- પરીક્ષામાં કોઈ વિષયમાં ATKT આવતા રીટેસ્ટ પરીક્ષા આપવાની હોય અને યુનિવર્સીટી/કોલેજો દ્વારા પરીક્ષા ન લેવાયેલ હોય તો તેને કારણે પરિણામ આવેલ ન હોવાથી. ☐
- પરીક્ષામાં કોઈ વિષયમાં ATKT આવતા રીટેસ્ટ પરીક્ષા આપેલ હોય અને પરિણામ આવેલ ન હોવાથી. ☐
- અપેક્ષિત પરિણામ ન આવતા રીચેકિંગ કે રિએસેસમેન્ટ માટે અરજી કરેલ હોય અને તેનું પરિણામ આવેલ ન હોવાથી. ☐
- અપેક્ષિત પરિણામ ન આવતા રીચેકિંગ કે રિએસેસમેન્ટ માટે અરજી કરતા પરિણામ સુધરેલ હોય પરંતુ યુનિવર્સીટી/કોલેજ પાસેથી પરિણામ મળેલ ન હોવાથી. ☐
- ઓનલાઈન પરિણામ મળેલ હોય પરંતુ તેની હાર્ડ કોપી મળેલ ન હોવાથી. ☐
- કોઈ કારણોસર કોલેજ/યુનિવર્સીટીમાંથી સંસ્થાના વડા દ્વારા ફ્રેશ/રિન્યુઅલ અરજી કરવા અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવેલ ન હોવાથી. ☐
- અન્ય કોઈ કારણ હોય તો જણાવવું.______________________________________________

અમે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત સહાય મેળવવાથી વંચિત ન રહી જઈએ તેથી અમો ઉપરના ડોક્યુમેન્ટના અભાવે અરજી કરવાની છેલ્લી તારીખને ધ્યાને લઈ સમયમર્યાદામાં અરજી કરી રહ્યા છીએ. અમે ઉપરના સાચા દસ્તાવેજો અપલોડ ન કરીએ ત્યાં સુધી અમારી અરજી પેન્ડીંગ રાખવામાં આવશે તેની અમને જાણ છે. અમને ઉપરના દસ્તાવેજો મળ્યેથી મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાના પોર્ટલ પર દિન-૭માં અપલોડ કરીશું, તેની બાહેંધરી આપીએ છીએ. જો ઉક્ત દસ્તાવેજો અમને મળ્યા તારીખથી દિન-૭માં અમે તે અપલોડ નહિ કરીએ તો અમારી અરજી આપોઆપ રદ્દ થશે અને આ સહાય મેળવવા અંગે અમારો કોઈ હક્ક દાવો રહેશે નહિ, તેની અમોને જાણ છે.

વિદ્યાર્થીની સહી                                        વાલીની સહી

❖ લાગુ ન પડે તે ચેકી નાંખવું.

## List of Help Centers

## Courses-Higher

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના  હેલ્પ  સેન્ટર કો-ઓર્ડીનેટરનો કામકાજના દિવસે અને કચેરી સમય દરમિયાન જ સંપર્ક કરવા  માટે વિદ્યાર્થીઓ અને વાલીઓને નમ્ર વિનંતી  છે.

| SR. | DISTRICT | Taluka | NAME OF HELP CENTERS and Address |
|---|---|---|---|
| 1 | Ahmedabad | Ahmedabad | Govt. Commerce College, B/H Jan seva Kendra Near. Manohar Villa cross road, Nikol Naroda road, Naroda, Ahmedabad |
| 2 | Ahmedabad | Ahmedabad | Gujarat Commerce College (Morning),Ellis Bridge,Ahmedabad |
| 3 | Ahmedabad | Ahmedabad | Gujarat Arts and science College, Ellis Bridge, Ahmedabad |
| 4 | Ahmedabad | Ahmedabad | K.KA.Shashtri Govt. Commerce College,Khokhra, Maninagar |
| 5 | Ahmedabad | Ahmedabad | Gujarat University, Navrangpura, Ahmedabad |
| 6 | Ahmedabad | Ahmedabad | Nirma University, Opp.S.G.V.P, S.G Highway |
| 7 | Ahmedabad | Ahmedabad | R.C.College of Commerce, Delhi Chakala,Ahmedabad |
| 8 | Ahmedabad | Ahmedabad | Calorx Teachers University Ahmedabad,Nr. Greenwood Lake Resort, Vaishno Devi Circle, Sardar Patel Ring Rd, Ognaj, Ahmedabad, Gujarat 382481 |
| 9 | Ahmedabad | Ahmedabad | Gujarat Arts and Commerce College (Evening), EllisBridge, Ahmedabad |
| 10 | Ahmedabad | Ahmedabad | Governmet commerce college,Manohar Villa Cross Rd, behind Janseva Kendra, Naroda, Ahmedabad, Gujarat 382345 |
| 11 | Ahmedabad | Ahmedabad | Gujarat Technological University, Ahmedabad |
| 12 | Ahmedabad | Dholka | Rai University,SH144, Saroda, Gujarat 382260 |
| 13 | Ahmedabad | Ahmedabad | Indus University,Rancharda, Gruh Gardens Rd, Thaltej, Ahmedabad, Gujarat 382115 |
| 14 | Ahmedabad | Ahmedabad | Ahmedabad University, Commerce Six Roads, Naranpark Society, Navrangpura, Ahmedabad, Gujarat 380009 |

| | | | |
|---|---|---|---|
| 15 | Ahmedabad | Ahmedabad | K.S. School of Business Management,Gujarat University Campus, University Rd, Navrangpura, Ahmedabad, Gujarat 380009 |
| 16 | Amreli | Jafrabad | Government Arts & Commerce college,ITI, Vapadiya Vistar Off, Una - Mahuva Hwy, Jafarabad, Gujarat 365540Jafrabad |
| 17 | Amreli | Amrapur | Mts.DB & KNG Commerce BBA BCA College Amrapur,At. Amrapur (Dhanani) Near Swaminarayan Temple, Kunkavav Road . Amrapur (Dhanani) 365450, |
| 18 | Amreli | Rajula | DVP College Devka, Rajula |
| 19 | Amreli | Amreli | Shree K.P. Dholakiya Infotech Mahila College |
| 20 | Amreli | Amreli | Shree Leuva Patel Trust B.B.A. Mahila College,Chakkargadh Road, near Bypass, Amreli, Gujarat 365601Amreli |
| 21 | Amreli | Amreli | shree D H kabariya arts, R k vagasiya commerce and u b bhagat science mahila college,Chakkargadh Rd, Sankul, Panihari Society, Amreli, Gujarat 365601 |
| 22 | Anand | Changa | Charotar University of Science & Technology,139, CHARUSAT Campus, Highway, Off, Nadiad - Petlad Rd, Changa, Gujarat 388421Changa |
| 23 | Anand | Anand | Sardar Patel University Vallabh Vidhyanagar,HW4G+422, Mota Bazaar, Vallabh Vidyanagar, Anand, Gujarat 388120 |
| 24 | Anand | Anand | Bhaikaka University,Gokul nagar, karamsad . Anand, gujarat-388325 |
| 25 | Aravalli | Aravalli | Government Arts College, Bayad, Aravalli |
| 26 | Aravalli | Meghraj | Government Arts & Commerce college, FGP2+67C, Vasna, Gujarat 383350Meghraj |
| 27 | Banaskantha | Vav | Government Arts College, Near MTM Institute, Vav,Near National Highway No. 15, Wav Banas Kantha Gujarat |
| 28 | Banaskantha | Tharad | Government Arts & Commerce college, Mitha- Bhabhar road, Dist:, GJ SH 128, Tharad, Gujarat 385565 |

| | | | |
|---|---|---|---|
| 29 | Banaskantha | Tharad | Government Science Collage ,Tharad |
| 30 | Banaskantha | Palanpur | G.D.Modi College of Arts. 5CF9+VJ3, Highway, opp. S.T.Workshop, Palanpur, Gujarat 385001Palanpur |
| 31 | Vadodara | Vadodara | Navrachana University,Vasna - Bhayli Main Rd, Bhayli, Vadodara, Gujarat 391410 |
| 32 | Vadodara | Waghodia | Parul University, Vadodara |
| 33 | Vadodara | Waghodia | Sumandeep Vidhyapith University |
| 34 | Vadodara | Vadodara | M S University,Pratapgunj, Vadodara, Gujarat 390002 Baroda |
| 35 | Bharuch | Netrang | Government Arts and Commerce College, J9M2+W3C, Bharuch, Gujarat 393125Netrang , |
| 36 | Bhavnagar | Bhavnagar | Government Arts College, Nr. Bus Stand,Talaja ,Bhavnagar |
| 37 | Bhavnagar | Bhavnagar | Government Arts College, Shri Gambhirsignji High School, Vallabhipur, Gujarat 364310 |
| 38 | Bhavnagar | Bhavnagar | Maharaja Krishana kumarsinhji Bhavnagar University,Gaurishankar Lake Rd, Vidhyanagar, Bhavnagar, Gujarat 364001 |
| 39 | Bhavnagar | Bhavnagar | Smt.N.C.Gandhi & B.V. Gandhi Mahila Arts and commerce College,883, Diamond Chowk, Diamond Chowk, Bhavnagar, Gujarat 364001 |
| 40 | Bhavnagar | Bhavnagar | L.R.Valiya Arts & Commerce College,Q45P+R5M, Vidhyanagar, Bhavnagar, Gujarat 364002 |
| 41 | Bhavnagar | Gadhada | Government Arts & Commerce college, Station Road Opp. Mohanbhai's Statue, near S. T. Bus Depot, Gadhada, Gujarat 364750 |
| 42 | Bhavnagar | Bhavnagar | Nandkunvarba Mahila College,plot no- 106, Shivaji circle, 2, Bharat Nagar Rd, Devraj Nagar, Bhavnagar, Gujarat 364002 |
| 43 | Bhavnagar | Bhavnagar | Bhavnagar University,Gaurishanker Lake Road Bhavnagar : 364022. |
| 44 | Botad | Botad | Kavishree Botadkar Arts & Commerce College, 5JJX+CWQ, Paliyad Rd, Botad, Gujarat 364710 |

| | | | |
|---|---|---|---|
| 45 | Kutch | Bhuj | Shree R R Lalan College, 6MQ5+4MV, Mandavi Road, Kutch, Bhuj, Gujarat 370001 |
| 46 | Dahod | Dhanpur | Government Arts College, Dhanpur, Dahod |
| 47 | Dahod | Jhalod | Government Science College, Jhalod |
| 48 | Dang | Ahwa | Government Arts and commerce College,QM7R+H8V, Mission Pada Compound, Highschool Road, Ahwa, Gujarat 394710 Ahwa |
| 49 | Devbhumi Dwarka | Bhanvad | Government Arts college, Bhanvad |
| 50 | Devbhumi Dwarka | Jamkalaynpur | Government Arts College, Jamkalaynpur,Ta.Jamkalaynpur |
| 51 | Devbhumi Dwarka | Dwarka | Shree Shardapeeth College,P.O.Box 23 - Near S.T station - Dwarka, Hospital, GJ SH 6A, Dwarka, Gujarat 361335 Dwarka |
| 52 | Devbhumi Dwarka | Dwarka | Govt. Commerce College |
| 53 | Gandhinagar | Gandhinagar | Govt. Commerce College, Nr: Mahatma Mandir, Sec- 15, Gandhinagar |
| 54 | Gandhinagar | Gandhinagar | Indian Institute of Teacher Education,Near KH-5, KH Rd, Sector 15, Gandhinagar, Gujarat 382016 |
| 55 | Gandhinagar | Gandhinagar | Govt. Science College,Sector-15, Gandhinagar |
| 56 | Gandhinagar | Gandhinagar | Kadi Sarva Vishwavidhyalaya, KH-5 Circle,Sector-15,Gandhinagar |
| 57 | Gandhinagar | Gandhinagar | B.P. College of Business Administration,Sector 23, Sarva Vidyalaya Campus, Near GH - 6, Gandhinagar, Gujarat 382023 |
| 58 | Gandhinagar | Gandhinagar | Ashvinbhai A Patel Commerce College,2nd Floor, S. K. Patel Building, Gate, no 2, Kadi Campus Road, near GH 6 circle, KADI CAMPUS, Sector 23, Gandhinagar, Gujarat 382023 |
| 59 | Gandhinagar | Gandhinagar | Raksha Shakti University,5V3M+QXQ, Raksha Shakti Rd, Lavad, Gujarat 382305 |
| 60 | Gandhinagar | Gandhinagar | Dhirubhai Ambani Institute of Information & Communication Technology (DA-IICT),Daiict college, Reliance Cross Rd, Gandhinagar, Gujarat 382007 |

| | | | |
|---|---|---|---|
| 61 | Gandhinagar | Gandhinagar | Pandit Deendayal Petroleum University (PDPU),Knowledge Corridor, Raisan Village, PDPU Rd, Gandhinagar, Gujarat 382007 |
| 62 | Gir-Somnath | Veraval | Shree Somnath Sanskrit University, RajendraBhuvan Road,Veraval |
| 63 | Jamnagar | Jamnagar | D.K.V. Arts and Science College, Pandit Nehru Marg, Jamnagar |
| 64 | Jamnagar | Jamnagar | Government Commerce College, Pandit Nehru Marg, Jamnagar |
| 65 | Junagadh | Junagadh | Bahauddin Arts College, Junagadh-Somnath Road, Junagadh |
| 66 | Junagadh | Junagadh | Bahaudin Science College, Opp. Bhutnathtemple, College Road, Junagadh |
| 67 | Junagadh | Dungarpur | Bhakt Kavi Narsinh Mehta University,BilkhaRoad, Khadiya, Junagadh |
| 68 | Junagadh | Junagadh | SHRI M.M.GHODASARA MAHILA ARTS & COMMERCE COLLEGE,Vanthali Road, opposite Motibag, Junagadh, Gujarat 362001 |

| | | | |
|---|---|---|---|
| 69 | Junagadh | Viramgam | SHREE MAHILA ARTS & COMMERCE COLLEGE,JOSHIPURA, JUNAGADH |
| 70 | Junagadh | Jetpur | Shree G.K. & C.K.Bosamia Arts & Commerce College,NH 8D, Jetpur, Rajkot, Gujarat 360370 |
| 71 | Kheda | Kathlal | Government Arts & Comm. Coll., Kathlal |
| 72 | Kheda | Nadiad | Dharamsinh Desai University (DDIT), Coolege road, nadiad-387001.Kheda |
| 73 | Kutch | Mandavi | Government Science College, Mandavi |
| 74 | Kutch | Bhuj | Krantiguru Shyamji Krishna VermaUniversity, Mundra road Bhuj |
| 75 | Mehsana | Visnagar | M.N. College, Near Bus Stand, Visnagar |
| 76 | Mehsana | Visnagar | Sankalchand Patel University, Sankalchand Patel Vidyadham Ambaji-Gandhinagar, State Highwaym, Visnagar, Gujarat 384315Visnagar |
| 77 | Mehsana | Vadnagar | Government Science College, Vadnagar |
| 78 | Mehsana | Kherva | Ganpat University, Ganpat vidhyanagar, Gojariya mehsana highway-384012 Kherva |
| 79 | Surat | Surat | R.V.Patel College Of Commerce, Surat |
| 80 | Morbi | Morbi | J. A. Patel Mahila College, b/h new bus station sanala road Morbi-363641 |
| 81 | Narmada | Dediyapada | Government Arts College, Dediyapada |
| 82 | Navsari | Vansda | Government Arts & Commerce College,Vansda |
| 83 | Navsari | Navsari | Governemt Science College, Chikhli, Navsari |
| 84 | Panchmahal | Shehra | Government Arts College, near kankari village Shehra |
| 85 | Patan | Sami | Govt. Arts & Comm. College,near GEB, Sami,Patan-384245 |
| 86 | Patan | Patan | Hemchandracharya North Gujarat University,Patan |

| | | | |
|---|---|---|---|
| 87 | Porbandar | Ranavav | Government Arts College, Opp. Government Hospital ,Ranavav |
| 88 | Porbandar | Porbandar | Gurukul Mahila Arts & Commerce College, Porbandar |
| 89 | Rajkot | Rajkot | H. & H. B. Kotak Science College, Jagnath Plot, Rajkot |
| 90 | Rajkot | Rajkot | Vivekanand institute of hotel & Tourism Management |
| 91 | Rajkot | Rajkot | R.K. University, Kasturbadham, Rajkot |
| 92 | Rajkot | Rajkot | Dharmendrasinhji Arts College, Rajkot |
| 93 | Rajkot | Rajkot | Saurashtra University, University road, Rajkot |
| 94 | Rajkot | Rajkot | Marwadi Education Foundation Group Of Institute, Rajkot |
| 95 | Rajkot | Rajkot | Harivandana College, Rajkot |
| 96 | Surat | Surat | Vivekanand College,, Near saroli bridge, Jahangirapara, Surat-olpad road, Surat - 395005 |
| 97 | Sabarkantha | Idar | Government Science College, Idar |
| 98 | Sabarkantha | Vadali | Government Commerce College, Vadali |
| 99 | Surat | Kachhal | Government Arts & Comm. College, Kachhal |
| 100 | Surat | Mangrol | Govt. Arts College, Vankal, Ta. Mangrol, Dist.Surat |
| 101 | Surat | Surat | Uka Tarsadia University, Surat |

| | | | |
|---|---|---|---|
| 102 | Surat | Surat | S.R.Luthra Institute of Management, Adarsh Society, Athwalines, Athwa, Surat, Gujarat 395001 |
| 103 | Surat | Surat | Veer Narmad South Gujarat University, Udhna-Magdalla Rd.Someshwar Char Rasta, Surat |
| 104 | Anand | Vasad | Sardar Vallabhbhai patel Institute of Technology,SVIT Road, Rajupura Village, Vasad, Anand, ગુજરાત 388306, Gujarat 388306 |
| 105 | Surat | Surat | B.R.C.M. BBA COLLEGE, SURAT,V.T.Choksi College Campus, opposite Lal Bungalow, Athwalines, Surat, Gujarat 395007 |
| 106 | Surat | Surat | J.Z,SHAH ARTS & H.P,DESAI COMMERCE COLLEGE - NEAR AMROLI JIVAN JYOT HOSPITAL, COLLEGE ROAD, Amroli, Surat, Gujarat 394107 |
| 107 | Surat | Bhestan | UCCC & SPBCBA & SDHGCBCA & IT College,214, Navsari Main Road, opp. Swami Narayan Temple, Ranchhod Nagar, Harinagar-2, Harinagar, Bhestan, Surat, Gujarat 394210 |
| 108 | Surat | Mangrol | SVNIT Surat,Ichchhanath Surat- Dumas, Road, Keval Chowk, Surat, Gujarat 395007 |
| 109 | Surat | Surat | "SUTEX BANK COLLEGE OF Computer Application,Near Jivan Jyot Hospital, Amroli, Surat, Gujarat 394107 |
| 110 | Surat | Surat | V.B.Shah Institute Of Management,Chhaprabhatha Rd, Devdeep Society, Amroli, Surat, Gujarat 394107 |
| 111 | Surendranagar | Surendranagar | M.P.Shah Arts and Science College,Surendranagar,brahamand chembers collage main road, opp. m.p shah arts, Surendranagar, Gujarat 363030 |
| 112 | Surendranagar | Wadhwan | M.P.Shah Commerce College, Bus Stand, Road, near S. T, Ram Nagar, Wadhwan, Surendranagar, Gujarat 363002 |

| | | | |
|---|---|---|---|
| 113 | Surendranagar | Chotila | Government Arts college,O/P Jalaram Temple Near Aeruda Lake Rajkot Highway Ta: Chotila Surendranagar 363520. |
| 114 | Surendranagar | Surendranagar | C U Shah Unviersity, SUNR-AHD State Highway, Near Kothariya Village, Wadhwan City-363030. |
| 115 | Surat | Valod | Government Science College,Valod. |
| 116 | Tapi | Songadh | Tapi Songadh Government Arts & Commerce College, fort : Songadh, Tapi mamlatdar office road - 394670 |
| 117 | Valsad | Pardi | C.N.Parmar B.ED. College, Kolak-Udwada |
| 118 | Valsad | Umargam | Government Arts & Comm. College, Bhilad,Ta.Umargam |
| 119 | Valsad | Valsad | Shah N.H.Commerce College, College Sanskar Hall, Valsad College Rd, Pali Hill, Valsad, Gujarat 396001 |
| 120 | Valsad | Kaprada | Government Arts College Kaprada |
| 121 | Ahmedabad | Dascroi | Jeel Goswami College of Science Reaserch,Vahelal - Dahegam Rd, Vahelal, Gujarat 382433 |
| 122 | Patan | Siddhpur | Gokul Global university,pp. I.O.C. Depot, Near Sujanpur, GJ SH 41, Patia, Siddhpur, Gujarat 384151 |
| 123 | Kheda | Kathlal | Government arts and commerce college, |